

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ત્યાં, લોકશાહી, બિચારી-બાપડી બની બેઠી છે,*
*ત્યાં, લશ્કર રાજકારણે બૂરખો ઓઢી પેઠી છે.*
*ત્યાં ઉઠી છે બજાર, દેવામાં, ચીનની ગુલામી થી -*
*ત્યાં પાકિસ્તાની પ્રજાએ ખૂબ યાતનાઓ વેઠી છે..*
*(પાકિસ્તાનમાં પિડાતી પ્રજા)*

હાઈકુ

*સૌથી વધારી*
*ભારતની વિરુદ્ધ*
*જે ઓકે આગ...*
*(તે વડાપ્રધાન...)*

*જો કોઈ ડંખે -*
*તો કાઢી નાખો કાંટો,*
*લક્કરી સૂઝ...*
*(ચૂંટણીમાં હત્યાઓ)*

### ચિંતન

*નાસ્તિ ગતિશ્રમા યાનવતામ્*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**વાહનો પર નિર્ભર રહેતા લોકો ચાલવાનું કષ્ટ નથી ઉઠાવતા.**

**જેમ વાહનો પર નિર્ભર રહેતા ધનિકોને પગે ચાલતા લોકોને ઉઠાવવા પડતા પરિશ્રમનો ખ્યાલ નથી હોતો તેમ માત્ર ધનપિપાસુ લોકોમાં માનવતાનો જરા જેટલો અંશ નથી હોતો.**

**પ્રાચીન કાળમાં રાજા મહારાજા - મહંત સાધુ 'પાલખી'માં બેસી મંદિર-યાત્રામાં જતા એ એમનાં ધાર્મિક યાત્રા હશે પણ તેમની પાલખી ઉઠાવનારના શ્રમની એમને ચિંતા કે પરવા નથી હોતી - એ કેવી માનવતા ?**

**માનવતાની અન્યનાં પીડા-દુઃખનો જે વિચાર કરે તે જ સાચો ધર્મ અને ધમિષ્ઠ કહેવાય.**

### સુવિચાર

- બીજાની જીભ અને તમારા કાન કામમાં લેશો તો તમને જીવનમાં કામ આવી શકે તેવી ઘણી વાતો જાણવા મળશે - **રોહિત શાહ**
- પૃથ્વી પર સ્વર્ગ તૈયાર ન થઈ શક્યું તેનો યશ ધર્મગુરુઓને આભારી છે - **ગુણવંત શાહ**
- આગળ વધવા માટે તો પહેલાં આપણે આપણામાં શ્રદ્ધા રાખવી જોઈએ, તે પછી ઈશ્વરમાં - **પ્રણવાનંદજી**
- ભાવતુ ખાઈ શકાય તે યુવાવસ્થા અને ફાવતું જ ખાવું પડે તે વૃદ્ધાવસ્થા - **રત્નસુંદર વિજયજી**
- ઉદ્યોગ વગર તલમાંથી તેલ નીકળતું નથી - **પંચતંત્ર**
- જયારે તમે તમારી આંખોને પરમાત્મા તરફથી ફેરવી લો છો ત્યારે જ દુશ્મન આવે છે - **ભગવદ્‌ગીતા**
- આજનું ઔષધ : મહેંદીમાં દહીં અને ઈંડા મેળવીને વાળમાં લગાવી એક કલાક પછી ધોઈ નાખવાથી ખોડો થતો નથી.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંયુક્ત રહેવાના અનેક ફાયદા છે, એકાકી રહેનારા પ્રખર હોય તો પણ તેની પ્રતિભાને કાટ લાગી જાય છે. ઋષિ અંગિરાના શિષ્ય ઉદયન ખૂબ પ્રતિભાશાળી આ પરંતુ પોતાની પ્રતિભાના સ્વતંત્ર પ્રદર્શનની એમને ખૂબ ઈચ્છા રહેતી. અવારનવાર પોતાની સાથી વિદ્યાર્થીઓ કરતાં પોતે કંઈ ચડિયાતા છે તેમ સાબિત કરવાનો પ્રયત્ન કરતાં રહેતા. ઋષિને થયું કે ઉદયનની આ વૃત્તિથી એનું પતન થશે એને અત્યારથી જ સમજાવવો પડશે. ઠંડીના દિવસોમાં આશ્રમમાં ચર્ચાઓ ચાલતી હતી. સગડીમાં કોલસા સળગતા હતા. ઋષિ બોલ્યા, 'સગડી કેવી સરસ સળગે છે !!' એનું શ્રેય એમાં સળગતા કોલસાઓને છે ને? સૌએ એ વાતનો સ્વીકાર કર્યો. ઋષિએ વાત આગળ વધારતા કહ્યું, 'આ સગડીમાં સૌથી મોટો તેજસ્વી કોલસો કાઢીને મારી પાસે મૂકી દો. હું ખૂબ નજીકથી એનો લાભ લઈશ.' ઉદયને ચીપિયાથી પકડીને એ મોટો અંગારો ઋષિની નજીક મૂક્યો, પણ થોડી જ વારમાં તે બુઝાઈ ગયો. ત્યારે ઋષિ બોલ્યા. 'ઉદયન, જુઓ તમે ગમે તેટલા તેજસ્વી હોય, પણ આ અંગારાજેવી ભૂલ ના કરતા. જો તે સગડીમાં જ રહ્યો હોત તો બધાના સહકારથી છેક સુધી તેજસ્વી રહેત અને ગરમી આપત. અને વધુ વાર સળગી શક્યો હોત. પરંતુ બહાર કાઢતા જ તે હોલવાઈ ગયો છે.એટલે એની શક્તિ તથા પ્રતિભાનો લાભ આપણે મેળવી શકતા નથી.' આમ ઋષિએ સૌને સમજાવ્યું કે પરિવાર એક એવી સગડી, જેમાં સંયુક્તરૂપે પ્રતિભાઓ તપે છે. વ્યક્તિગત પ્રતિભાનો અહંકાર ટકતો નથી. પરિવારના સહકાર અને સહયોગમાં જ સાચી શક્તિ છે.

# ક્રિકેટરના હાથમાં કમાન

**તંત્રીસ્થાનેથી...**

પાડોશી દેશ પાકિસ્તાન આમ જુઓ તો જૂના હિંદુસ્તાનની જ આથમણી પાંખ છે. બલકે ખંડિત હિંદુસ્તાન કરતાં પાકિસ્તાન સાથેનું એ બ્રિટીશ ઈંડિયા ખરેખર નકશાની રૂએ પણ જાજરમાન લાગતું હતું. કમનસીબે આપણા એક કાઠિયાવાડી ખોડાના જ ભેજામાં બે રાષ્ટ્રોવાળી થિયરી જન્મી અને ધર્મના નામે જે બીજું અને નવું રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું તે આ પાકિસ્તાન. એમાં જે મુખ્ય ફળદ્રુપ અને સમૃદ્ધ પ્રદેશો ગયા તે પંજાબ અને સિંધ. પંજાબનું મુખ્ય શહેર લાહોર પાકિસ્તાનમાં ગયું એટલે તો આપણા ભાગના પંજાબ માટે આપણે નવી રાજધાની (ચંડીગઢ) બનાવવી પડી. પંજાબ પર વર્ચસ્વ ધરાવે તે જ પાકિસ્તાન પર શાસન કરી શકે એવી પરિસ્થિતિ ઘણા લાંબા વખતથી પ્રવર્તી રહી છે. અલબત્ત, સિંધ પણ પાકિસ્તાનનો મહત્ત્વનો પ્રદેશ છે અને કરાંચી તો આપણા મુંબઈની જેમ પાકિસ્તાનની આર્થિક રાજધાની છે. સિંધના જાગીરદાર ભુટ્ટો પરિવારે પણ પાકિસ્તાન પર નોંધપાત્ર સમયગાળા સુધી રાજ કર્યું છે. બેનઝીર ભુટ્ટોના પિતા અને ઈંદિરા ગાંધીના સમકાલીન પાક વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને ફાંસી અપાયેલી અને બેનઝીરને ચૂંટણીની પ્રચારરેલીમાં જ વધેરી દેવાયેલાં. બેનઝીરના પતિએ રાષ્ટ્રપતિ પદ પણ શોભાવ્યું પરંતુ આજકાલ એમના પુત્ર બિલાવલ ભુટ્ટોની પાર્ટીના માઠા દિવસો ચાલે છે. પાકિસ્તાન પર સૌથી વધુ પ્રભાવ નવાઝ શરીફની શરાફતનો રહ્યો છે. એ લોકપ્રિય નેતા તરીકે ઊપસી આવ્યા હતા અને વારંવાર પાકિસ્તાનના રાજકારણમાં કેન્દ્ર સ્થાને આવ્યા હતા. પનામા પેપર્સમાં મની લૉન્ડરિંગ મુદ્દે નામ આવતાં જ એમની ચોટલી સુપ્રીમ કોર્ટના હાથમાં આવી ગઈ છે. તેઓ આજીવન ચૂંટણી નહીં લડી શકે અને દસ વર્ષ સુધી જેલમાં રહેશે. આવી કડક સજા પાક સુપ્રીમ કોર્ટ જ એના ચાલુ વડાપ્રધાનને ફરમાવી શકે ! એની પાછળ અલબત્ત, આર્મીનું મજબૂત પીઠબળ છે તે સૌ સમજે છે. કયારેક આર્મીના વડા મુશર્રફ પણ પાકિસ્તાનના શાસક બની બેઠા હતા. આજકાલ એ હાંસિયે ધકેલાઈ ચૂક્યા છે. પાક આર્મી અને કોર્ટ આજકાલ ત્રીજા નંબરની રાજકીય પાર્ટી 'પાકિસ્તાન તહેરીકે ઈન્સાફ'ના સર્વેસર્વા અને એક જમાનાના મશહૂર ક્રિકેટર ઈમરાનખાનને આગળ ધરી રહી છે. એમને વડાપ્રધાન બનાવીને પેલા જૂના જોગીઓ વિરુદ્ધ પ્રસ્થાપિત કરવાનો રાજકીય ખેલ કેટલો સફળ થશે તે તો સમય જ કહેશે. ઈમરાન ખાન પણ અન્ય પાકિસ્તાની નેતાઓની જેમ જ આર્મીના હાથમાં રમી રહ્યા છે. જો કે એમની પાસે લોકપ્રિય શરીફ પરિવાર વિરુદ્ધ ભ્રષ્ટાચારનો મુદ્દો હતો એ જ પ્રજામાં ક્લિક થયો છે. વળી નવાઝ શરીફને મોદીના દોસ્ત ગણાવી એમને પાક પ્રજાનું દિલ જીતવાનો પ્રયાસ કર્યો છે. ભારત અને એમાં પણ સવિશેષ નરેન્દ્ર મોદી પાકિસ્તાનને દુનિયાભરમાં બદનામ કરી અલગથલગ પાડી દેવા માગે છે, ત્યારે 'નયા પાકિસ્તાન'ની રૂપકડી અને ગળચટી સંકલ્પના આપી ઈમરાન છવાઈ ગયા છે. કાશ્મીર પ્રશ્ને તેઓ અન્ય પાક નેતાઓ જેટલા જ કટ્ટર છે. ભૂતપૂર્વ ક્રિકેટર તરીકે ઈમરાન પાસે ખેલદિલીની અપેક્ષા જરૂર રહે, પરંતુ પાકિસ્તાનના શાસકોએ તો આર્મીની મહેરબાની પર જ ટકવાનું હોઈ ભારત માટે ઈમરાનખાનની તાજપોશી કોઈ વિશેષ મહત્ત્વની કે ખુશ થવા જેવી બાબત નહીં જ ગણાય. વર્તમાન વડાપ્રધાન અને નવાઝ શરીફના નાનાભાઈ શાહબાઝ ખાને પાકિસ્તાનને હિંદુસ્તાન કરતાં વધુ સમૃદ્ધ અને શક્તિશાળી બનાવવાનું સૂત્ર આપ્યું હતુ તેમ છતાં ઈમરાન સામે એ ટકી શક્યા નથી !

## જબ ગરીબી દરવાજે સે અન્દર આતી હૈ...

*જબ ગરીબી દરવાજે સે અન્દર આતી હૈ, તો*
*પ્યાર ખિડકી સે બાહર ચલા જાતા હૈ*

*- જન્નત*



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

ઈમરાન હાશ્મી અભિનિત મહેશ ભટ્ટ નિર્મિત અને કુનાલ દેશમુખ દિગ્દર્શિત 'જન્નત' પિકચર તેના સંવાદોના કારણે પણ લોકપ્રિય થયું હતું. સંજય માસૂમે ઉપરોક્ત સંવાદ લખ્યો છે, અને પિકચરમાં ડૉનનું પાત્ર ભજવતા જાવેદ શેખના મુખે આ સંવાદ આવે છે, જયારે સટ્ટા બજારમાં ઈમરાન હાશ્મી ખૂબ પૈસા ગુમાવીને રોડ પર આવી જાય છે, ત્યારે ઈમરાન હાશ્મીને તેની પ્રિયતમા પણ છોડીને ચાલી જાય છે, આવા સમયે જાવેદ શેખ આ સંવાદ બોલે છે, જે જીવનની કટુ વાસ્તવિકતા છે. પૈસા હોય ત્યારે બધા સાથે હોય છે, પરંતુ દરિદ્રતાના દર્શન થતા જ આપણો પડછાયો પણ સાથ છોડી દેવાના મનસૂબા ધરાવતો થઈ જાય છે. આવા જ અર્થસામ્ય ધરાવતો એક શ્લોક 'મૃચ્છ કટિકમ્'માં મળી આવે છે.

*દારિદ્રયાત્પુરુષસ્ય બાન્ધવજનો વાક્યે ન સંતિષ્ઠતે ।*
*સુસ્નિગ્ધાં વિમુખીભવન્તિ સુહૃદઃ સ્ફારીભવન્ત્યાપદઃ ॥*

- દારિદ્રયથી પુરુષના બાંધવજનો કહ્યામાં રહેતા નથી, અત્યંત નિકટના મિત્રો વિમુખ થાય છે, આપત્તિ વકરે છે.

'શુદ્રક' રચિત 'મૃચ્છકટિકમ્' પ્રકરણ નાટકના પ્રથમ અંકમાં જ નાટકના નાયક ચારુદત્તના મુખે આ શ્લોક 'શુદ્રકે' મૂક્યો છે.

'મૃચ્છકટિકમ્' પ્રકરણ નાટક આશરે ઈ.સ.ની. છઠ્ઠી કે સાતમી સદીની રચના મનાય છે, અને આ જ નાટક પરથી શેખર સુમન - રેખા અભિનિત અને ગિરીશ કર્નાડ દિગ્દર્શિત, શશીકપૂર નિર્મિત 'ઉત્સવ' પિકચર ૧૯૮૪માં નિર્માણ પામી ચૂક્યું છે...

નાટકની શરુઆતમાં જ વર્ણન આવે છે કે, ચારુદત્ત કે જે એક સમયે ખૂબ જ ધનવાન નગરશેઠ હોય છે, કાળક્રમે સંપત્તિ ચાલી જતાં દરિદ્રતાના કારણે એક સમયના ભર્યાભાદર્યા ઘરમાં જયાં લોકોના ધાડા ઉમટી રહેતા હતા, ચારુદત્તના અઢળક મિત્રો હતા, તે બધા ચારુદત્ત દરિદ્ર થતા જ તેનો સાથ છોડી જાય છે...

સંસ્કૃત સાહિત્યની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર વર્તમાન ચલચિત્રો કે નવલકથાનકો પર કયાંકને કયાંક પડ્યા વગર રહી નથી.

## 'દલિત લોકવિદ્યા' નું વિમોચન



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજવામાં આવતા 'વાર્તાવાંચન, કાવ્યપઠન અને વિચાર વિમર્શ કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિખંડ, ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમની શરુઆતમાં શાબ્દિક સ્વાગત સંસ્થાના મંત્રી મૂળજી પરમાર દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ કવિ બાબુલાલ નાયક (અડાલજ) દ્વારા તેમના સ્વરચિત કાવ્યો (૧) માર્યાના એવો શો વાંક (૨) રસ્તે મળે ને કોઈ પૂછે કે (૩) ડઈલીને રઈલીએ પૂછ્યું (૪) કૂતરાની પૂંછડી વાંકી કાવ્યો અને ત્યારબાદ કવિ અને ચિત્રકાર ધરમસિંહ પરમાર (રાધનપુર) દ્વારા તેમનાં કાવ્યો (૧) બોત્તેરના બાહોશ (૨) ધગધગતા લાવા (૩) કૂકડે બોલેને નું પઠન કરવામાં આવ્યું. જયારે કવિ-વાર્તાકાર અને નાટ્યકાર પ્રો. ડૉ. યશવંત વાઘેલાએ, સત્યઘટના આધારિત તેઓની વાર્તા 'અજાણ્યું શબ'નું વાંચન કર્યું હતું. રજૂ થયેલ કાવ્યો અને વાર્તા અન્વયે કવિ રમણ વાઘેલા, પ્રો. મહેશ જાદવ, ડૉ. સ્વપ્નિલ મહેતા, ધીરજકુમાર રોહિત, કવિ જિતેન્દ્ર કા. વ્યાસ, મૂળજી પરમાર, વી.એલ. જાદવ વિગેરેએ વિચાર-વિમર્શમાં નોંધપાત્ર રસ દાખવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી મૂળજી પરમારે કર્યું હતું.

● 'સમાજમિત્ર' સામયિકના ઉપક્રમે, સાહિત્યકાર પ્રવીણ શ્રીમાળીના સંશોધન ગ્રંથ 'દલિત લોકવિદ્યા' નો વિમોચન અને લોકાર્પણ સમારોહ, ઈતિહાસવિદ્ ડૉ. મહેશચંદ્ર પંડ્યાના અધ્યક્ષસ્થાને, ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના નિયામક અને જાણીતા સાહિત્યકાર ડૉ. અંબાદાન રોહડિયાના હસ્તે તથા નિવૃત્ત આઈએએસ,

અનુસંધાન પાના નં ૭ પર

# વાટે...ઘાટે... લોકગીત : ઊર્મિઓની અભિવ્યક્તિનું શાશ્વત ગાન



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

પુસ્તકોનું પ્રકાશન એ આજકાલ હવે સામાન્ય બાબત બની રહી છે. એક રીતે આ આવકારપાત્ર બાબત છે. લોકો સુધી આકર્ષક સ્વરૂપે પુસ્તકો પહોંચતા થાય તો વાચનની વૃત્તિ કેળવાય છે. ડીજીટલ યુગમાં પણ પુસ્તકો ખરીદીને વાંચવાની એક અનોખી લીજ્જત છે. લોકો સુધી સુરુચિપૂર્ણ તથા સંસ્કારી સાહિત્ય પહોંચે તેની ચિંતા વર્ષો પહેલા ભિક્ષુ અખંડાનંદજીએ કરી હતી. પરિણામ સ્વરૂપ સસ્તા સાહિત્યના માધ્યમથી અનેક સારા પુસ્તકો પ્રકાશિત થયા અને ગુજરાતીઓના દિવાનખાનાની શોભા બની રહ્યા. મહેન્દ્રભાઈ મેઘાણીએ પણ અંતરના ઉલ્લાસ તેમજ બાવડાના બળે લોકમિલાપના માધ્યમથી પુસ્તકોના પ્રકાશનનું યજ્ઞકાર્ય કર્યું. સસ્તા સાહિત્ય તેમજ મિલાપે એ બાબતની પણ તકેદારી રાખી કે લોકોને પુસ્તકો કિફાયતી કિંમતથી મળે. આ સંદર્ભમાં જોઈએ તો અમદાવાદમાં જુલાઈ (૨૦૧૮)ના મધ્યભાગમાં સર્જક હર્ષદ ત્રિવેદીના પુસ્તક 'સરોવરના સગડ' નું પ્રાગટ્ય એ આમ તો આજકાલ બનતી એક રૂટીન ઘટના ગણી શકાય. પરંતુ આ કાર્યક્રમનું જે સ્વરૂપ હતું તે ધ્યાનથી જોતાં આ પ્રસંગ અન્ય રૂટીન પ્રસંગોથી જુદો લાગ્યો. હર્ષદભાઈના ઘણાં ભાવકો એ વાત જાણે છે કે હર્ષદ ત્રિવેદી એક કવિ ઉપરાંત વાર્તાકાર – વિવેચક – નવલકથાકાર તથા નીવડેલા સંપાદક પણ છે. આથી હર્ષદ ત્રિવેદીના સર્જક તરીકેના ભિન્ન ભિન્ન સ્વરૂપો વિશે વિગતે વાત કરવાનું આયોજન પણ આ વિમોચનના કાર્યક્રમના આયોજકો કિરીટ દૂધાત, જયદેવ શુકલ તેમજ બિન્દુબહેન ભટ્ટે કુશળતાપૂર્વક ગોઠવ્યું હતું. અલગ અલગ બેઠકોનું અધ્યક્ષપણું પણ શ્રી રઘુવીર ચૌધરી તેમજ શ્રી શિરીષ પંચાલ જેવા સુવિખ્યાત સાહિત્યકારોએ કર્યું હતું અને તેથી સમગ્ર આયોજનને ગરીમા પ્રાપ્ત થઈ હતી. આમ તો દરેક સર્જકના નવલા પ્રકાશનની વેળાએ નાના કે મોટા સ્વરૂપે આવા સાહિત્યીક કાર્યક્રમો વિચારપૂર્વક ગોઠવવામાં આવે તો સર્જકની ઓળખ સમાજ સુધી અસરકારક રીતે પહોંચાડવાના કાર્યને ગતિ મળે. ગુજરાતમાં જોકે સદ્દભાગ્યે આવું આવકારપાત્ર કાર્ય સાહિત્ય પરિષદ, સાહિત્ય અકાદમી તેમજ વિશ્વકોશના માધ્યમથી થતું રહે છે તે નોંધપાત્ર છે. પૂજ્ય મોરારીબાપુ પ્રેરીત 'અસ્મિતા પર્વ'નું પણ શબ્દોની આરાધનાના ઉત્સવ તરીકે એક આગવું મૂલ્ય છે.

સર્જક હર્ષદ ત્રિવેદીના અનેક સર્જનો વિશે વાત થઈ તેમાં ૧૯૧૬ના વર્ષના કુમાર સુવર્ણચન્દ્રક વિજેતા લેખોના પુસ્તક ''કંકુચોખા'' નો પણ સમાવેશ થતો હતો. સાહિત્યપ્રેમીઓ જાણે છે કે ''કંકુ-ચોખા'' પુસ્તકમાં પ્રસિધ્ધ થયેલા લેખો આપણાં લોકગીતોના આસ્વાદક લેખોનો સંગ્રહ છે. કવિએ અહીંયા લોકગીતોનો કોઈ શાસ્ત્રીય અભ્યાસ કે સંશોધન કર્યું નથી તેવો ઉલ્લેખ કર્યો છે એ ઉચિત છે. માનવીય ઊર્મિઓની ભાતીગળ અભિવ્યક્તિ એ લોકગીતનું મૂળતત્વ છે અને તેથી ''જ્યું કી ત્યું ધરીદીની'' નો સર્જકનો આ પુસ્તક સંબંધેનો ઉપક્રમ આકર્ષક તથા ભાવયુક્ત છે. ''કંકુ-ચોખા'' ની પ્રસ્તાવના નરોત્તમ પલાણે લખી છે તે પુસ્તકની શોભામાં અભિવૃધ્ધિ કરે તેવી અર્થપૂર્ણ છે.

કુદરતે માનવીને અનેક અમૂલ્ય ઉપહાર આપીને જગતની ઝંઝાળમાંથી રાહત મળી શકે તેવી મહેર કરી છે. આવા મોંઘેરા કુદરતી ઉપહારોમાં માનવીને ઉલ્લાસનો અનુભવ કરવાની તેમજ તેને ગેય સ્વરૂપે અભિવ્યક્ત કરવાની શક્તિનો સમાવેશ થાય છે. અઘરામાં અઘરા શારીરિક શ્રમના કાર્યનો થાક માનવી પોતાને ગમતું ગીત ગણગણાવીને ઉતારે છે. આવી માનવ મનની ઊર્મિઓની સરળ તથા સહજ અભિવ્યક્તિ આપણાં લોકગીતોમાં ઝળાહળા થઈ છે. એક લોકગીતમાં ગોકુળના મયારાઓના સમુહ ગાનમાં જૂઓ તો આ પશુપાલકોને ગોકુળના મયારા હોવાનું કેટલું ગૌરવ છે ? કચ્છ- સૌરાષ્ટ્રના કોઈપણ લોકમેળાની માનવ મેદનીમાંથી પસાર થઈએ તો મોટા ભાગે હેમુ ગઢવીના મધુર સ્વરોમાં ગવાતા આ લોકગીતના શબ્દો જાણે અજાણે કાન પર અથડાય છે.

અમે મયારાં રે
ગોકુળ ગામના
મારે મહીં વેચવાને
જાવા,
મયારાં રે ગોકુળ
ગામના.

અમે મયારાં છીએ તેતો ખરુંજ પરંતુ ગોકુળના છીએ તેનું વિશેષ ગૌરવ આ ગોપાલકોને થાય છે. મહાભારતના ભિષણ યુધ્ધનો નાયક કૃષ્ણ તેમનો જોડીદાર છે તેનો પણ એક જુદો કેફ આ ભોળા જનોને છે. આજે જ્યારે આપણાં પૈકીના ઘણાં લોકોના જીવનમાંથી શ્રમ કરવાની શક્તિએ લગભગ વિદાય લીધી છે ત્યારે આપણાં લોકગીતોની શ્રમિક મહીલાને પોતે કરેલા શ્રમનો પણ કેફ ચડેલો છે.

સવા બસેરનું મારું
દાતરડું લોલ
ઘડ્યું ઓલ્યા લાલીયા
લુહારે
મુજા વાલમજી લોલ
હવે
નહિ જાઉં વિડી વાઢવા
રે લોલ...
પરણ્યે વાઢ્યા છે પાંચ
પૂળિયા રે
મેં તો વાઢ્યા છે દસ
વીસ..
મુજા વાલમજી લોલ...

શ્રમીક મહીલાને એ વાતનો પોરસ છે કે પોતે પોતાના પ્રિયતમ કરતાં વધારે સારું કામ કરે છે. આવા લોકગીતો જોતાં એ બાબતની પુનઃ પ્રતિતિ થાય છે કે આ બધા ગીતો એ અદના આદમીઓની ઊર્મિઓની સહજ અભિવ્યક્તિ છે. લોકસાહિત્ય કે લોકગીતોમાં સામાન્ય જનોના અસામાન્ય ખમીરનું ઉન્નત દર્શન થયા કરે છે. જયાં નબળાઈ દેખાય ત્યાં પણ તેને શબ્દોમાં કંડારીને નબળાને નબળો ચિતરવામાં લોક સમુહ ખચકાયો નથી. મોરબીના જીવાજી ઠાકોર અને મચ્છુ નદીમાં જળ ભરવા જતી મોરબીની મહીલાની કથા તેનું એક ઉદાહરણ છે. નારી ગૌરવની નિડર અભિવ્યક્તિ તેમાં ટપકતી દેખાય છે.

લોકગીતના કોઈ ચોક્કસ કર્તા નથી. આથી તેમાં કોઈનો કર્તાભાવ નથી પરંતુ સાર્વજનિક્તાનું સૌંદર્ય તેમાંથી નીતરતું રહે છે. લોકગીતો એ લોક જીવનનો ખુલ્લો ચિતાર છે. આથીજ લોકગીત એ લોકની જેમજ સદૈવ જીવંત હોવાની પ્રતિતિ થયા કરે છે. હર્ષદ ત્રિવેદીના પુસ્તક 'સરોવરના સગડ'ના વધામણા અષાઢની ભીની સોડમમાં કરતા આનંદ થાય તે સ્વાભાવિક છે. આપણી આ ધરોહર જાળવવા જેવી છે.

# મજૂરોના પ્રતિનિધિ તરીકે તેમના દોષથી દુષિત થયેલા ગાંધીજીએ ઉપવાસ કર્યા



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

**વિરોધ પક્ષી એવા મિલ માલિક અંબાલાલ સારાભાઈની દૃઢતા અને નિખાલસતા ગાંધીને પ્રિય લાગી**

અમદાવાદના મિલ મજૂરોએ ગાંધીજીની આગેવાની હેઠળની હડતાળમાં સારી એવી હિંમત બતાવી. શાંતિ પણ જાળવી. દરરોજ સાબરમતીના કિનારે ઝાડ નીચે સભા ભરાતી હતી. ગાંધીજી દરરોજ મજૂર ભાઈઓને પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવતા હતા. 'અમે મરશું, પણ અમારી એક ટેક કદી નહીં છોડીએ -' એમ મજૂરો પણ કહેતા હતા.

ગાંધીજી સત્યના પ્રયોગોમાં નોંધે છે - જો કે થોડા દિવસો જતાં મજૂરોની પ્રતિબધ્ધતા નબળી પડવા લાગી. જે મજૂરો હડતાળમાં ન હતા જોડાયા. તેમની સાથે દ્વેષ કરવા લાગ્યા, ને કદાચ કોઈની ઉપર બળાત્કાર વાપરશે એવી (હિંસા આચરે એવા અર્થમાં) ભીતિ લાગી. સભામાં પણ મજૂરોની હાજરી ઘટવા માંડી હતી. ગાંધીજી પણ શું કરવું એના વિચાર મંથનમાં પડી ગયા હતા.

એક તરફ તેમને વિદેશની ભૂમિમાં દક્ષિણ આફ્રિકામાં મજૂરોની હડતાળનો અનુભવ હતો પણ અમદાવાદનો અનુભવ તદ્દન જુદા પ્રકારનો અને નવો હતો. અહીં તો માલિકો પણ પોતાના જ દેશ બાંધવો હતા. મજૂરોએ જે પ્રતિજ્ઞા લીધી હતી તેમાં તેમની પ્રેરણા હતી, એ પ્રેરણા કેમ તૂટે ? એવું એક વિચાર અભિમાન અને બીજી રીતે મજૂરો પ્રત્યેનો અને સત્ય પ્રત્યેનો તેમનો પ્રેમ ગણાય એ સ્થિતિ હતી.

આ પરિસ્થિતિ અને મનોમંથન બાદ બીજા દિવસે મજૂરોની સભામાં ગાંધીજી હતા. શું કરવું એ એમને ખુદને પણ ખબર ન હતી. પણ સભામાં એમનાથી કહેવાઈ ગયું, 'જો મજૂરો પાછા સજ્જ ન થાય અને હડતાળમાં સમાધાન ન થાય ત્યાં સુધી, હડતાળ નિભાવી ન શકે તો અને ત્યાં લગી મારે ઉપવાસ કરવા છે.'

ગાંધીજીના ઉપવાસ કરવાની જાહેરાતથી મજૂરો હેબતાઈ ગયા. અનસૂયાબેન સારાભાઈ રડવા લાગ્યા. ઉપસ્થિત મજૂરોએ પણ ગાંધીજીએ સમજાવ્યા કે તમે નહીં અમે ઉપવાસ કરીશું, તમારાથી ઉપવાસ થાય નહીં. અમને માફ કરો, અમારી ટેક અને પાળીશું.

પણ ગાંધીજીએ મજૂરોને સમજાવ્યા કે તમારે ઉપવાસ કરવાની જરૂર નથી. તમે પ્રતિજ્ઞાનું પાલન કરોય એટલે બસ છે. આપણી પાસે પૈસા નથી. ભીખનું ખવડાવીને મજૂર હડતાળ ચલાવવી નથી. એટલે તમે કંઈ ને કંઈ મજૂરી કરીને રોજની રોટલી જેટલા પૈસા મેળવો એટલે હડતાલ ગમે તેટલી ચાલે તો પણ તમે નિશ્ચિંત રહી શકો. જયાં સુધી મજૂરો અને માલિકો વચ્ચેના પ્રશ્નનો નિકાસ ન આવે ત્યાં સુધી ઉપવાસ ન છૂટે એવું આખરીનામું ગાંધીજીએ જાહેર કરી દીધું.

ગાંધીજીએ મજૂરોની હડતાળ ઉપવાસ સાથે ચલાવી સાથે મજૂરોને રોજી રોટી કમાવાનું કામ પણ શોધવા લાગ્યા. સરદાર પટેલ મજૂર ભાઈઓ માટે કામ શોધવા લાગ્યા એમાં મગનલાલ વખતચંદે તૈયાર થઈ રહેલા આશ્રમની વણાટ શાળામાં રેતી પૂરવાનું કામ સૂચવ્યું. ઘણા મજૂરોએ કામમાં જોડાઈ ગયા. સાબરમતી નદીમાંથી રેતીના રોટલા સારતા મજૂરોની હાર રચાઈ ગઈ. મજૂરોમાં જોમ આવ્યું એન તેમને પૈસા ચૂકવનારા ચૂકવણીમાં થાકી ગયા એવું દૃશ્ય સર્જાયું હતું. કયાંય હાથો લાંબો ન કરવો પડે એવી રીતે ગાંધીજી અને મજૂરોએ સજ્જડ હડતાળ અમદાવાદમાં પાળી બતાવી હતી.

ગાંધીજી માટે મોટો પ્રશ્ન એ પણ હતો કે મજૂરોની વાત વ્યાજબી હતી તો મિલ માલિકો સાથે મીઠાં સંબંધ હતા. આથી તેમની સામે ઉપવાસ ન જ કરાય એમ ગાંધીજી જાણતા હતા. માલિકો ઉપર અસર મજૂરોની હડતાળની પડવી જોઈએ. તેમના ઉપવાસની નહીં એ પણ સમજતા હતા. પણ ગાંધીજીએ ઉપવાસ મજૂરોના દોષ સામે હતા અને તેઓ મજૂરોના પ્રતિનિધિ હતા, તેમના દોષે દોષિત થાઉં એવી પાકી સમજ અને ઉપવાસ માલિકો સામેનું એક ત્રાંગુ ખપે એ સ્પષ્ટ છતાં ઉપવાસમાં અડગ રહ્યા. તેમને મિલ માલિકોને સમજાવ્યા કે 'મારા ઉપવાસથી તમારે તમારો માર્ગ છોડવાની જરાયે જરૂર નહીં.' માલિકો તેમને કડવાં મીઠાં મહેણાં પણ માર્યા. એ તેમનો અધિકાર હતો એમ ગાંધીજીએ તે સ્વીકાર પણ લીધા.

આ હડતાળમાં શેઠ અંબાલાલ સારાભાઈ મિલ માલિકોના અગ્રણી હતા. એમની મક્કમતાને પણ ગાંધીજીએ સરાહનીય ગણાવી હતી. તેમની આશ્ચર્ય પમાડે તેવી દૃઢતા અને નિખાલસતા ગાંધીજીને ગમી હતી. ગાંધી લખે છે તેમની આ વર્તણૂંક જોતા તેમની સામે લડવું મને પ્રિય લાગ્યું.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)